# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-06-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- રાજ્યમાં ચાલી રહેલા ત્રણ દિવસના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આજે સમાપન થયું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
- NTA દ્વારા પરીક્ષા પદ્ધતિમાં સુધારા સૂચવવા માટે રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિએ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી આ મુદ્દે સૂચનો માંગ્યા છે.
- NIA એ વર્ષ 2021નાં વિશાખાપટ્ટનમ - આઇએસઆઇ જાસૂસી કેસનાં સંદર્ભમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં ત્રણ સ્થળોએ શોધ અભિયાન હાથ ધર્યું.
- રાજ્યમાં આગામી 48 કલાકમાં દક્ષિણ ગુજરાતમાં જ્યારે ત્યાર પછીના ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે.

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SHALA PRAVESHOTSAV - DISTRICT

રાજ્યમાં ચાલી રહેલા ત્રણ દિવસના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું  આજે સમાપન થયું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પ્રવેશોત્સવના ત્રીજા અને અંતિમ દિવસે સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના સરોડી ગામની પ્રાથમિક શાળામાં જણાવ્યું કે સરકારી યોજનાઓનો લાભ લઈને દરેક બાળક સારામાં સારું શિક્ષણ મેળવે તે માટે સરકારે શરૂ કરેલી યોજનાઓનાં સારા પરિણામ મળી રહ્યા છે. તેમણે કોમ્પ્યુટર લેબ ખાતે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી અને ગામમાં શાળાના નવનિર્મિત બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું હતું. વધુમાં મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

દરમિયાન, વિવિધ જિલ્લાઓમાં આજે શાળા પ્રવેશોત્સવ યોજાયો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતની બે પ્રાથમિક શાળામાં, અંદાજે 401 ભુલકાઓનો શાળા પ્રવેશ કરાવ્યો.

શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના સીમલીયા ગામે, માંડવીના ધારાસભ્ય અનીરુધ્ધ દવેએ મુન્દ્રા તાલુકાના વિવિધ ગામોમાં, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં અને રાજકોટમાં કલેક્ટર પ્રભવ જોશીએ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

...................................

# PM – MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત રવિવારે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

----------------

# EDU-NTA-COMMITTEE

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – **NTA** દ્વારા પરીક્ષા પદ્ધતિમાં સુધારા સૂચવવા માટે રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિએ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી આ મુદ્દે સૂચનો માંગ્યા છે. ઇસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ

કે.રાધાકૃષ્ણનના વડપણ હેઠળ રચાયેલી આ ઉચ્ચસ્તરીય સમિતિને **mygov website.** ઉપર આગામી સાતમી જુલાઇ સુધીમાં સૂચનો મોકલી શકાશે.

ઉલ્લેખનીય છે કે, શિક્ષણ મંત્રાલયે પરીક્ષા પદ્ધતિમાં સુધારા સૂચવતા ભલામણ અંગેનો અહેવાલ આગામી બે મહિનામાં સુપ્રત કરવાનો નિર્દેશ ઉચ્ચસ્તરીય સમિતિને આપ્યો છે.

-------

## NIA-ESPIONAGE

રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NIA એ 2021નાં વિશાખાપટ્ટનમ -આઇએસઆઇ જાસૂસી કેસનાં  સંદર્ભમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં ત્રણ સ્થળોએ શોધખોળ અભિયાન હાથ ધર્યું.

પાકિસ્તાનની ગુપ્તર સંસ્થા આઇએસઆઇને સંરક્ષણ અંગેની વર્ગીકૃત માહિતી આપીને બદલામાં કથિત રીતે પૈસા મેળવનાર શંકાસ્પદોનાં નિવાસસ્થાનો પર તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન, મોબાઇલ ફોન અને દસ્તાવેજો સહિતનાં કેટલાંક સંડોવણીજનક દસ્તાવેજો  મળી આવ્યા હતા. આ કેસમાં વધુ કડી મેળવવા માટે એનઆઇએ જપ્ત કરાયેલી સામગ્રીની ચકાસણી કરી રહી છે. એનઆઇએએ જૂન, 2023માં આ કેસ પોતાને હસ્તક લીધો હતો અને પાકિસ્તાનના ભાગેડુ  નાગરિક સહિત બે આરોપીઓ સામે આરોપનામું દાખલ કર્યું હતું.  તપાસમાં જાણવા મળ્યું કે, ભારતમાં ત્રાસવાદી હિંસા ફેલાવવાના કાવતરાનાં ભાગરૂપે ભારતીય નૌકા

દળને લગતી સંવેદનશીલ અને મહત્વની માહિતી આઇએસઆઇને મોકલવામાં આવી હતી.

..................................

## WEATHER

રાજ્યમાં આગામી 48 કલાકમાં દક્ષિણ ગુજરાતમાં જ્યારે ત્યાર પછીના ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગની યાદીમાં જણાવ્યા મુજબ આગામી 48 કલાકમાં જમીન પર પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિકલાક રહેવાની સંભાવના છે.

દરમિયાન છેલ્લા 36 કલાકમાં રાજ્યના દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 50 મીલીમીટર વરસાદ ભુજ અને પોશીના તાલુકાઓમાં નોંધાયો છે. આ ઉપરાંત દાંતીવાડા, ઉમરગામ, નખત્રાણા, અને ગઢડામાં 40, દમણ, વાપી, અમીરગઢ, જેતપુર, ઘોઘા, અને વલ્લભીપુરમાં 30, જ્યારે 33 તાલુકાઓમાં 20 મીલીમીટર અને તેથી ઓછો વરસાદ નોંધાયો છે.

આ સમયગાળામાં રાજ્યમાં ઘણા સ્થળોએ લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એક થી છ ડિગ્રી સેલ્સીયસ ઓછું નોંધાયું હતું.

----------------------------

## RAIN DISTRICT

રાજ્યનાં અનેક જિલ્લામાં સામાન્યથી ભારે વરસાદનાં થયાના અહેવાલ છે.

અમારા વલસાડ જિલ્લાના પ્રતિનિધી નવીન પટેલ જણાવે છે કે, જિલ્લામાં સવારના છ થી સાંજના ચાર વાગ્યા સુધી, પારડી તાલુકામાં 23 મિલીમીટર, વલસાડ તાલુકામાં 20 મિલિમીટર, કપરાડા તાલુકામાં નવ મિલિમિટર વરસાદ પડ્યો હતો. છેલ્લાં 24 કલાક દરમિયાન સૌથી વધુ બે ઇંચ વરસાદ ઉમરગામ તાલુકામાં અને એક ઇંચ વરસાદ વાપી તાલુકામાં પડ્યો હતો.

અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે આજે સવારે 6 થી સાંજે 6 વાગ્યા સુધીના 12 કલાક દરમિયાન નવસારીમાં 62 મીમી, જલાલપોરમાં 48 મીમી, ગણદેવીમાં 58 મીમી, ચીખલીમાં 50 મીમી, વાંસદામાં 19 મીમી અને ખેરગામમાં 67 મીમી વરસાદ નોંધાયો છે.

સંઘ પ્રદેશ દમણમાં પણ વાતાવરણ આહ્લાદક બન્યું હતું.

અમારા છોટા ઉદેપુર જિલ્લાના પ્રતિનિધી રાજેશ રાઠવા જણાવે છે કે, જિલ્લામાં છેલ્લાં પાંચ દિવસથી વરસાદે વિરામ લેતાં ખેતરોમાં વરાપ નીકળતાં ખેડૂતો વાવણી અને નિંદામણના કામમાં જોતરાઇ ગયા છે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધી રાજેશ ભજગોતર જણાવે છે કે, સંભવિત પૂરની સ્થિતિને પહોંચી વળવા એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ ગીર સોમનાથમાં આવી પહોંચી છે. આ વિશે વધુ વિગતો આપે એનડીઆરએફ ટુકડીના ઇન્સ્પેક્ટર દિપક બાબુ....

(બાઇટ- દીપક બાબુ, ગીરસોમનાથ)

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધી કૌશિક જોશી જણાવે છે કે, જિલ્લાનાં લુણાવાડા, ખાનપુર સહિતના કેટલાંક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો.

અમરેલી જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદ થયાંના અહેવાલ અમારા પ્રતિનિધિ હરેશ ટાંક આપી રહ્યા છે.

આજે સવારથી દીવમાં ધીમી ધારે પડી રહેલા વરસાદને કારણે આજે દીવ આવતી તમામ હવાઈ સેવા રદ કરવામાં આવી છે.

દરમિયાન, ખરાબ હવામાનને લીધે આજે ઇન્ડિગોની અમદાવાદ-દીવ ફ્લાઈટ, એર ઇન્ડિયાની મુબંઈ-દીવ પવનહંસની હેલીકોપ્ટર સેવા રદ કરવામાં આવી છે.

ભાવનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય પંથકોમાં વરસાદ થયાંના અહેવાલ છે. ગારીયાધારમાં દોઢ ઇંચ, પાલીતાણા અને સિહોરમાં એક-એક ઇંચ અને તળાજામાં પોણો ઇંચ વરસાદ થયાનાં અહેવાલ છે.

તાપી જિલ્લામાં આજે નિઝરમાં 14 મીલીમીટર, સોનગઢમાં 25 મીલીમીટર જ્યારે વાલોડમાં 58 મીલીમીટર વરસાદ નોંધાયો છે.

................................

## CM – YOJANA MANJURI

રાજ્ય સરકાર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજકોટમાં 185 કરોડ રુપિયાના ખર્ચે ચાર નવા ફલાય ઓવરનું નિર્માણ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે ભાવનગર શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળને ભૂગર્ભ ગટર યોજના માટે ૪૫ કરોડ ૬૯ લાખ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી તેમજ શિહોરમાં ટાઉનહોલ નિર્માણ માટે ૮ કરોડ ૩૧ લાખ અને ગોંડલમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બનાવવા માટે ૬ કરોડ ૯૨ લાખ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજુરી આપી છે. આ ઉપરાંત માળિયા-મિયાણા નગરપાલિકા દ્વારા બે કરોડના ખર્ચે સી.સી રોડ નિર્માણ માટે મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આમ સૌરાષ્ટ્ર વિસ્તાર માટે રાજ્ય સરકારે ૨૪૭ કરોડ ૯૨ લાખ રૂપિયાના વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

................................

## PASHUPALAK SAHAY

રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિને પણ પ્રોત્સાહન મળે એ માટે નર્મદા જિલ્લાના કુલ **1** હજાર **754** પશુપાલકોને એક ગાયના પાલન માટે વર્ષ 2023-24માં  એક કરોડ 93 લાખથી વધુ રકમની સહાય આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા ખેડૂતોને, દેશી ગાય આધારીત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચ અર્થે માસિક **900** લેખે વાર્ષિક **10** હજાર **800** રૂપિયાની વાર્ષિક મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

નર્મદા જિલ્લાની વાત કરીએ તો સૌથી વધુ સાગબારા તાલુકાના 484 ખેડૂતોને આ યોજના હેઠળ આવરી લેવાયા છે.

--------------

## VALSAD - KANUBHAI DESAI – SHALA LOKARPAN

રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વલસાડના ભદેલીના નવાપુરામાં 65 લાખના  રૂપિયાના ખર્ચે નિર્માણ થયેલી આધુનિક શાળાનું લોકાર્પણ કરાયું.

અમારા વલસાડ જિલ્લાના પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, જર્જિરત થયેલી આ પ્રાથમિક શાળા નવી બનાવવા માટે રાજ્યના શિક્ષણ વિભાગને રજૂઆત કર્યા બાદ 6 મહિનામાં 65 લાખ રૂપિયાના ખર્ચે નવી આધુનિક સુવિધાઓ સાથે તૈયાર  કરવામાં આવી છે.

લોકાર્પણ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, સ્માર્ટ કલાસ દ્વારા દુનિયાભરની જ્ઞાનની શક્તિ મળી રહે છે. આજના બાળકો દેશનું આવતીકાલનું ભવિષ્ય છે. તેઓ થકી દેશ તંદુરસ્ત બનશે.

.................

## EK PED MAM KE NAAM – CAMPAIGN

રાજયભરમાં ચાલી રહેલા 'એક પેડ માં કે નામ' અભિયાનમાં રાજ્યના મંત્રીઓ સહભાગી થઈ અભિયાનને વેગવંતું બનાવી રહ્યા છે.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ આજે સુરતના અમરોલી ખાતે અને ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત પાટણમાં સિદ્ધપુરના ગોકુલ પરિસર ખાતે વૃક્ષારોપણ કરી એક પેડ - માં કે નામ' અભિયાનમાં સહભાગી થયા. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ વિસનગરમાં પરિવાર સાથે પોતાના નિવાસસ્થાનના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી એક પેડ - માં કે નામ' અભિયાનમાં સહભાગી થયા.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાંચમી જૂને વિશ્વ પર્યાવરણ દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'એક પેડ માં કે નામ' અભિયાન શરૂ કરાવીને દેશ સહિત અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાનું આહવાન કર્યું હતું. જેનો હકારાત્મક પ્રતિસાદ આપતા ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના પરિવાર સાથે વૃક્ષારોપણ કરીને 'એક પેડ માં કે નામ' અભિયાનને ગુજરાતમાં વેગ આપ્યો છે.